# વાવોલ રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટથી યુવાનનું મૃત્યુ

## સેકટર-૧ ૩માં રહેતો યુવાન વહેલી સવારે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો ત્યારે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક વાવોલ-સેકટર-૧૪ રેલવે ટ્રેક પર આજે વહેલી સવારે ટ્રેન પસાર થઈ રહી હતી તે દરમિયાન સે-૧ ૩માં રહેતો ૨૫ વર્ષીય યુવાન ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. ધસમસતી આવી રહેલી ટ્રેને ટ્રેક ક્રોસ કરી રહેલા યુવાનને અડફેટે લઈ લેતા યુવાનનું કમકમાટીભર્યું મોત નિપજયું હતું. મૃતદેહ પોષ્ટ મોર્ટમ કરાવી રેલવે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧ ૩ ખાતે છાપરા વિસ્તારમાં રહેતો ૨૫ વર્ષીય યુવાન મહેશ આજે વહેલી સવારે વાવોલ રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો તેટલામાં ધસમસતી આવતી ટ્રેને ટ્રેક ક્રોસ કરી રહેલ મહેશને અડફેટે લઈ લેતા સ્થળ પર જ તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે પોલીસને જાણ થતા રેલવે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલીને પી.એમ. કરાવી પરિવારજનોને સોંપ્યો હતો. અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને રેલવે પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# અક્ષરધામ પાર્કિંગમાં ગાડીઓમાંથી સતત બે દિવસથી ચોરી થાય છે

## સૌથી વધુ પાર્કિંગ દર રૂ. ૩૦ વસુલવા છતાં જવાબદારીનો ઈન્કાર : પાર્કિંગના સીસીટીવી કેમેરા બંધ : વેગનઆર ગાડીને જ નિશાન બનાવી લોક ખોલીને કિંમતી વસ્તુઓ ચોરી જાય છે

ગાંધીનગર, તા. ૧૬

સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિર સે. ૨૦ ખાતે પાર્કિંગમાંથી સતત બે દિવસથી પાર્ક કરેલી કારમાંથી કિંમતી ચિજવસ્તુઓની ચોરીના કિસ્સાઓ બને છે. વેગનઆર ગાડીને ટાર્ગેટ બનાવીને કોઈ ડુપ્લીકેટ માસ્ટર કી નો ઉપયોગ કરી કારમાંથી કેમેરા-મોબાઈલ અને રોકડ જે કાંઈ હાથમાં આવ્યું તે ઉપાડીને ફરાર થઈ જાય છે. નવાઈની વાત તો એ છે કે સિક્યુરીટી માટે જવાનો તથા સીસીટીવી મુક્યા હોવા છતાં ચોર કોણ..? તેના ફાંફા પોલીસે મારવા પડે છે. કેમેરા બંધ હાલતમાં છે અને સિક્યુરીટી કે તંત્ર ચોરીની કે અન્ય કોઈ જવાબદારી સ્વિકારવા તૈયાર નથી. તેમ છતાં પાર્કિંગના સૌથી વધુ દર રૂ. ૩૦નો વાહનચાલકોને વાહનપાર્ક કરવા માટે ઉઘરાવવામાં જ આવે છે. સે. ૨૧ પોલીસે નરોડાથી આવેલા દર્શનાર્થીની ફરીયાદને આધારે રૂ. ૪૨ હજારની ચોરીનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે અને બીજા દર્શનાર્થીની ફરીયાદ નોંધાવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ બે દિવસથી અક્ષરધામ પાર્કિંગમાંથી ગાડીના દરવાજા ખોલીને અંદરથી કિંમતી સામાનની ચોરી થાય છે. ગઈકાલે અમદાવાદ નરોડા વિસ્તારમાં રહેતા નિખીલભાઈ વિઠ્ઠલભાઈ પટેલ બપોરે ૧૧ વાગે અક્ષરધામ દર્શન કરવા આવ્યા હતા. ત્યારે પાર્કિંગમાં તેમની વેગનઆર ગાડી નં. જીજે-૫-સીડી-૧૬૯૩ પાર્ક કરી હતી. દર્શન કરીને અઢી વાગે પરત ગાડીમાં બેઠા તો ત્યાં સુધીમાં ગાડીમાં મુકેલા રૂ. ૧૩૦૦ રોકડા, પાંચ હજારનો કેમેરો, બે નંગ મોબાઈલ સહિત રૂ. ૪૨,૩૦૦ની કિંમતનો સામાન ચોરાઈ ગયો હતો. આ બનાવ અંગે નિખીલભાઈએ જવાબદાર પાર્કિંગ સંચાલકને ફરીયાદ કરતાં તેમની જવાબદારી ન હોવાનો સ્પષ્ટ જવાબ આપી હાથ અધ્ધર કરી દીધા હતા. પોલીસને આ સંદર્ભે ફરીયાદ આપતા ચોરીનો ગુનો નોંધીને તપાસ કરવા પોલીસ પાર્કિંગમાં પહોંચી હતી. સીસીટીવી કેમેરા અંગે પુછપરછ કરતાં કેમેરા બંધ હોવાનું જણાવ્યું હતું. વરસાદને કારણે કેમેરા બંધ હોવાની કેફીયત તેમણે આપી હતી. હજુ આ ફરીયાદની તપાસ શરૂ થઈ છે ત્યારે આજે આ જ મોડ્સ ઓપરેન્ડીથી બીજી એક વેગનઆર ગાડીમાંથી ત્રણ મોબાઈલ ચોરાયાની ફરીયાદ પોલીસ સુધી પહોંચી છે. પોલીસે તે ફરીયાદ નોંધાવા પણ કાર્યવાહી હાથ ધરી છે.






**સચિવાલય ખાતે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ ૨૧મી સુધી ચાલશે**

સચિવાલય કલ્યાણ સમિતિ, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, એન.સી.ડી. સિવિલ ગાંધીનગર તથા ટાઈટન ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે ૧૦મી જૂનથી ફિઝીયોથેરાપી નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સચિવાલય ખાતે ૨૧મી જૂન સુધી યોજાનાર આ ફિઝીયોથેરાપી નિઃશુલ્ક કેમ્પમાં ગાંધીનગર શહેરના અને આસપાસ વિસ્તારના જરૂરીયાતમંદો લાભ લઈ રહ્યા છે. યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. યજ્ઞેશ ત્રિવેદી અને ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ ફિઝીયોથેરાપી કેમ્પનો લાભ લેવા જણાવ્યું છે. અત્યાર સુધી સચિવાલય તથા અન્ય શાખાના કર્મચારીઓ તેમજ અધિકારીઓએ કેમ્પનો લાભ લીધો છે.

# વન વિભાગ દ્વારા નમેલા વૃક્ષોનો ફાલ કાપવાની કામગીરી આરંભાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ગ-૨ થી ગ-૧ તરફ જવાના માર્ગ ઉપર આવેલ જીવલેણ વૃક્ષો રોડ ઉપર નમેલા છે. તે વરસાદી વાતાવરણમાં તેમજ પવન અને વાવાઝોડુ આવવાથી કોઈપણ સમયે નમી પડે તેવી સ્થિતિ છે. જે અંગેની નોંધ લઈ વન વિભાગ દ્વારા આજરોજ વૃક્ષોનો રોડ ઉપર નમેલો ફાલ કાપવાની કામગીરી આરંભી હતી.

ગાંધીનગરમાં આમ તો રોડની બન્ને સાઈડ ઉપર વૃક્ષો નજરે ચડી જ જાય છે. પરંતુ ગ-૨ થી ગ-૧ સર્કલ તરફ જતા વૃક્ષો ઘણાજ રોડની નજીક તેમજ તે વૃક્ષોના મૂળ પણ નજરે ચડે છે. તેવા વૃક્ષો આમ તો જગ્યા ઉપરથી દૂર કરવામાં આવે તો મોટો અકસ્માત નિવારી શકાય તેમ છે.

પરંતુ આજરોજ તંત્ર દ્વારા આ નમેલા વૃક્ષોનો ફાલ કાપવાની કામગીરી આરંભવામાં આવી હતી. આ કામ આમ તો તંત્ર દ્વારા પહેલા વરસાદ પહેલા કરાયું હોત તો સારૂ પરંતુ ભલે થોડુ મોડુ થયુ પરંતુ તંત્ર દ્વારા કામગીરી શરૂ કરી તે ખરેખર સરાહનીય છે.

# પંચદેવ મંદિરે ભીમ અગિયારસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરમાં સૌથી મોટી ભીમ અગિયારસની ઉજવણી કરવામાં આવશે. ઉજવણીમાં નામ નોંધાવવા ધર્મજને પંચદેવ મંદિરનો સંપર્ક કરવા જણાવાયં છે. પંચદેવ મંદિરમાં ૨૦મી જૂન ૨૦૧૩ના દિવસે સૌથી મોટી ભીમ અગિયારસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યુંછે. સવારે ૮ થી ૫ કલાક દરમિયાન સમગ્ર ધાર્મિક કાર્યક્રમ ઉજવાશે. જેના આચાર્યશ્રી નીલકંઠ શાસ્ત્રીજી રહેશે. આ પ્રસંગમાં ભાગ લેવા સર્વે ધર્મપ્રેમી જનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહેરના પાર્કિંગ પાણીમાં ગરકાવ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા વિવિધ સ્થળે ટુ-વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે પાર્કિંગ બનાવવામાં આવ્યા છે. પાર્કિંગમાં પાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ચોમાસાની ઋતુમાં શહેરમાં તંત્ર દ્વારા બનાવાયેલા પાર્કિંગમાં પાણીનો ભરાવો થઈ જાય છે. પાણી અને ગંદકીને પગલે શહેરીજનોને વાહન પાર્ક કરવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શહેરમાં બનાવેલા પાર્કિંગમાં ભરાઈ રહેતા પાણીનો નિકાલ કરવામાં આવે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહન પાર્ક કરવા માટે તંત્ર દ્વારા શહેરના ઘ-૪ થી ઘ-૫, સે. ૨૧, સે. ૧૧ સહિતના અન્ય વિસ્તારોમાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ પાર્કિંગની જગ્યા રોડની નીચાણના ભાગમાં છે. જેથી વરસાદી પાણી પાર્કિંગમાં ભરાઈ રહે છે. પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. ચોમાસાની સિઝનમાં શહેરના તમામ પાર્કિંગ પાણીમાં ગરકાવ થઈ જાય છે. પાણી અને ગંદકીના કારણે શહેરીજનો પાર્કિંગમાં વાહનો પાર્ક કરતા નથી અને રોડ વચ્ચોવચ વાહનો પાર્ક કરી દે છે. જેથી અન્ય લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્રએ બનાવેલા પાર્કિંગમાંથી પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ શહેરીજનોમાં ઉઠવા પામી છે.

# સાઉથની પ્રસિદ્ધ અભિનેત્રી પાર્વતી ગાંધીનગરની હરિયાળી માર્ગોથી અંજાઈ

## સ્ટ્રેસ રીલીવ કરવાનો સૌથી અસરકારક માર્ગ એટલે સ્પા : પાર્વતી નિરબન : ગંગા સ્પાનું ૩૫મું સેન્ટર ગાંધીનગર ઈન્ફોસીટીમાં અભિનેત્રીના હાથે ખુલ્લુ મુકાયું

ગાંધીનગર, તા. ૧૬

આજની ભાગદોડ ભરી જિંદગી માનસિક અને શારીરિક રીતે હતાશા અનુભવતા અને તેમાંથી છુટકારો મેળવવા માગતા નગરજનો માટે ગાંધીનગર નજીક હતી. અને તેની ઈચ્છા બોલીવુડના પર્ફેક્ટનીટ આમિરખાન સાથે કામ કરવાની છે તેમ જણાવ્યું હતું. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના વિકાસ અંગે પણ પ્રભાવિત થઈ ભારે વખાણ પણ કર્યા હતા.



ઈન્ફોસીટી વિસ્તારમાં રાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ 'ગંગા સ્પા' હેર એન્ડ બ્યૂટી ટ્રીટમેન્ટ સેન્ટરનો પ્રારંભ થયો છે. જેમાં 'ગંગા સ્પા'ની બ્રાન્ડ એમ્બેસેડર અને તામિલ ફિલ્મોની ઉભરતી અભિનેત્રી પાર્વતી નિરબને ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્યુ કરી સ્પા સેન્ટરને ખુલ્લો મુક્યો હતો. ગાંધીનગરની મુલાકાતે આવેલી પાર્વતી નિરબને ગાંધીનગરની સ્વચ્છતા, ગ્રીનરી અને માર્ગો જોઈ અભિભૂત થઈ ગઈ હતી.

ગાંધીનગર નજીક ઈન્ફોસીટી વિસ્તારમાં શરૂ થયેલા ગંગા સ્પા સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે આવેલી ગંગા સ્પાની બ્રાન્ડ એમ્બેસેડર અને તામિલ ફિલ્મોની અભિનેત્રી પાર્વતી નિરબન ગાંધીનગરની મુલાકાત લેતા ગાંધીનગરના ખુલ્લા માર્ગો, સ્વચ્છતા અને ગ્રીનરીથી હું ભારે પ્રભાવિત થઈ હતી. શાંત અને સુંદર નગરનો હરોળમાં ગણના થતા ગાંધીનગરમાં આજે આવેલી પાર્વતી નિરબર પાંચ થી વધુ તમિલ ફિલ્મોમાં કામ કરી ચૂકેલી છે અને તેને ગુજરાત ભોજન અને ખાસ કરીને સાત ફલેવરવાળી પાણી પુરી પણ ખુબ પસંદ આવી

પત્રકાર પરિષદમાં સાઉથની જાણીતી અભિનેત્રી પાર્વતીએ ગંગા સ્પા સેન્ટર અને સ્પાના ફાયદાઓ વિશે જણાવ્યું હતું કે હાલની ભાગદોડભરી ફાસ્ટ લાઈફ વ્યક્તિઓ તમામ સુખ સગવડો મેળવી શકે છે. પરંતુ બધુ હોવા છતાં માનસિક અને શારીરિક થકાત અને હતાશા ઓછી કરવામાં નિષ્ફળ રહે છે. ત્યારે ગાંધીનગરમાં આરંભાયેલા આ 'સ્પા સેન્ટર' થકી ગાંધીનગર સહિત આસપાસના નગરજનો માટે આ 'સ્પા' સેન્ટર ખુબજ ઉપયોગી બનશે અને તેમાં બાબુ થેરાપી, કુલ એન્ડ હોટ પોટલી થેરાપી, બોડી મશાજ અને સલુન વગેરે થેરાપીથી નગરજનોને સ્ટ્રેસ રીલીવર કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ અંતે ગાંધીનગરમાં સૌ પ્રથમ 'ગંગા સ્પા' શરૂ કરનાર ભૌમિક બેંકર અને હર્ષદભાઈ પરમારે જણાવ્યું હતું કે ભારતભરમાં 'ગંગા સ્પા'ની કુલ ૩૫ શાખાઓ કાર્યરત છે અને ગાંધીનગરમાં આ સૌ પ્રથમ છે અને નગરજનો માટે સ્પાલૂન સ્પા એન્ડ સલૂન એક સાથે નવો કનસેપ્ટ આપી રહ્યા છીએ.

# અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓનું સરેરાશ ૭૨.૮૧ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજય સરકાર દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓનું ધોરણ-૧૦નુંસરેરાશ પરિણામ ૭૨.૮૧ ટકા આવ્યું છે. રાજયની ૧૯ અનુ. જાતિ આદર્શ નિવાસી શાળાઓમાં અમરેલી કુમાર શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તક રાજયમાં ૧૯ શાળાઓ કાર્યરત છે. અનુ. જાતિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યશીલ એવી આદર્શ નિવાસી શાળાઓએ ધોરણ-૧૦ની પરીક્ષામાં ગૌરવપૂર્ણ પરિણામ હાંસલ કર્યું છે. રાજયની ૮ શાળાઓનું પરિણામ ૮૦ ટકાથી વધુ છે જેમાં અમરેલી (કુમાર)નું ૧૦૦ ટકા કેશોદ (કુમાર) જિ. જૂનાગઢ ૯૬.૫૫ ટકા અને વડોદરા (કન્યા) ૯૦.૯૧ ટકા પરીણામ આવ્યું છે. ગુજરાત રાજયના ધોરણ-૧૦નું બોર્ડનું પરીણામ ૬૫.૧૨ ટકા આવ્યું છે. જયારે તમામ આદર્શ નિવાસી શાળા (અનુ. જાતિ કલ્યાણ)નું પરિણામ ૭૨.૮૧ ટકા આવ્યું છે.

ઉચ્ચ પરિણામ હાંસલ કરવા માટે ખાતા તરફથી વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને સઘન અભ્યાસ એકસ્ટ્રા કોચિંગ તેમજ પરીક્ષાલક્ષી સાહિત્ય વિના મૂલ્યે પુરું પાડવામાં આવે છે. ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરવા બદલ નિયામક એમ.એ. નરમાવાલા તેમજ નાયબ નિયામક પી.આર. ટાંકે રાજયના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવ્યા છે.

# બાલોદ્યાનને નિખારવા તંત્ર ટૂંકમાં નવો પ્રોજેકટ તૈયાર કરશે

## બાલોદ્યાનના નવીનીકરણ માટે કાર્યયોજના તૈયાર કરવા ઉચ્ચ કક્ષાએથી સૂચના

ગાંધીનગર, તા.૧૪

સે-૨૮ બાલોદ્યાનના નવીનીકરણ માટે નવેસરથી પ્રોજેકટ તૈયાર કરવામાં આવશે. આ મામલે વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બાલોદ્યાનની રોનક નિખારવા શું થઈ શકે તે માટે રીપોર્ટ તૈયાર કરવા જણાવાયું છે. તંત્રના અધિકારીઓ પણ એજન્સીની મદદથી બાલોદ્યાનને નવા રૂપ રંગ આપવાની ડીઝાઈન તૈયાર કરવાની તૈયારીમાં છે.

બે દાયકા પૂર્વે સહેલાણીઓમાં અનહદ આકર્ષણનું કેન્દ્ર બનેલા બાલોદ્યાનની યોગ્ય જાળવણી ન થતા બાલોદ્યાન સાવ કંગાળ ભાસતો હતો. ભૂલકાઓની છૂકછૂક ગાડી પણ વર્ષો સુધી બંધ હાલતમાં રહેતા બાલોદ્યાન સાવ આર્કષણ ગુમાવી બેઠો હતો. હરિયાળી લોન સુકાવાની સાથે ઉજ્જડ ઉદ્યાનમાં ગંદકી ફેલાતા સહેલાણીઓમાં પણ નારાજગી વ્યાપી હતી. પરંતુ ત્રણ વર્ષ પૂર્વે બાલોદ્યાનની રોનક પાછી લાવવા તંત્ર દ્વારા મીની ટ્રેઈન શરૂ કરવા સહીતના જરુરી કામો હાથ ધરવામાં આવ્યા હતા. જેના અંતે ઉદ્યાનમાં સ્થિત પ્લેટફોર્મ અને મીની ટ્રેઈનનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું જયારે ૫ વર્ષના લાંબા સમયગાળા બાદ ભૂલકાંઓની મીની ટ્રેઈનને ગ્રીન સિગ્નલ આપવામાં આવતા ભૂલકાઓને નિરાશ થતા અટકાવ્યા હતા. ત્યારબાદ બાગાયત તંત્ર દ્વારા ઉદ્યાનમાં જરુરી ઠેકાણે લોન ઉછેરવા ઉપરાંત પ્લાન્ટેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જયારે બાલોદ્યાનમાં સ્થિત તળાવને પાણી પુરું પાડવા જૂનો બોર પણ રીપેર કરવામાં આવ્યો હતો. થોડા સમય અગાઉ જ બાલોદ્યાનના તળાવમાં સહેલાણીઓ માટે નવી બોટો પણ તરતી મુકવામાં આવી છે. જયારે હવે માર્ગ મકાન વિભાગ દ્વારા બાલોદ્યાનને નવા રૂપરંગ આપવા વિચારણા હાથ ધરવામાં આવી છે. વિભાગમાં ઉચ્ચ કક્ષાએથી તંત્રના અધિકારીઓને આ મામલે નવી કાર્યયોજના તૈયાર કરવા જણાવાયું છે. તંત્રએ પણ હવે આ દીશામાં શું નવું થઈ શકે તે મામલે હોમવર્ક હાથ ધર્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા
વરસાદ ૦૩ મી.મી ● કુલ વરસાદ ૬૧ મી.મી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હે દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦
યે જવાની હે દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,
યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫
યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ.કંકુબેન બબુજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. કોલવડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.વિષ્ણુભાઈ કેશવલાલ પટેલ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૪૬૫, ડબલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ.મહેશભાઈ લાલજીભાઈ શિરેસીયા (ઉ.વ.૨૫) સેકટર-૧૩ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ.ધીરૂભાઈ મંગાભાઈ દેવીપૂજક (ઉ.વ.૬૦) સેકટર-૧૪ના કાચા છાપરાં, ગોડાઉન પાછળ, ગાંધીનગર.